# ઉત્તમ સાહિત્ય યુવા પેઢીને જાગૃત કરવા જડીબુટ્ટી સમાન : હિતેષ કોયા

## આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત હિંમતનગર ખાતે ૧૨મી જાન્યુઆરી રાષ્ટ્રીય યુવા દિવસ નિમિત્તે બે દિવસીય સાહિત્ય પુસ્તક પ્રદર્શન જિલ્લા કલેક્ટર હિતેષ કોયાના હસ્તે ખુલ્લું મૂકાયું

**રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ગ્રંથાલય ખાતું ગુજરાત રાજ્યના ડો. પંકજ ગોસ્વામી અને ટીમ ગ્રંથાલય દ્વારા સાબરકાંઠા - હિંમતનગરની જનતાને પુસ્તક પરબની અમૂલ્ય ભેટ ધરી ક્રાંતિકારી - સમાજસુધારક - રાષ્ટ્રીય શાયરના અસંખ્ય પુસ્તકો પ્રદર્શિત કરાયા**

બાયડ તા.૧૨

સ્વામી વિવેકાનંદજી જન્મ જયંતિ પર્વ અને આઝાદીકા અમૃત મહોત્સવ તથા ૧૨ મી જાન્યુઆરી " રાષ્ટ્રીય યુવા દિવસ " નિમિત્તે સરકારી જિલ્લા પુસ્તકાલય, હિંમતનગર અને રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ગ્રંથાલય ખાતું ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે તા. ૧૨-૧૩ જાન્યુઆરી ૨૦૨૨ એમ બે દિવસીય સાહિત્યનો ખજાનો અસંખ્ય પુસ્તક પ્રદર્શનને જિલ્લા કલેક્ટર શ્રી હિતેષ કોયાના હસ્તે દિપ પ્રાગટ્ય કરી વાંચકો માટે ખુલ્લું મુકવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાત રાજયના ડૉ. પંકજ ગોસ્વામી નિયમકશ્રી ગ્રંથાલય ગાંધીનગર અને ટીમ ગ્રંથાલય હિંમતનગર - અમદાવાદ ઉપસ્થિત રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો..

જિલ્લા કલેક્ટરશ્રી હિતેષ કોયાએ આ પ્રસંગે પ્રદર્શનને ખુલ્લું મૂક્યું હતુ અને દેશની આઝાદીમાં યોગદાન આપનાર ક્રાંતિવીરો, સમાજ સુધારકો તથા રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૫૦ મી જન્મ જયંતિ નિમિતે મેઘાણી રચીત નવલકથાઓ, ગ્રંથો, પુસ્તકો તથા સ્વામી વિવેકાનંદના જીવન કવન ઉપર લખાયેલા અસંખ્ય પુસ્તકોનું નિરીક્ષણ કરી નજરે નિહારીને ધન્યતા અનુભવી હતી. તેમજ ભારતના બંધારણ ગ્રંથની ઝલકની ઝાંખી કરી હતી અને પ્રદર્શિત પુસ્તકોના ખજાના વિષે ગ્રંથાલય નિયામક ડૉ. પંકજ ગોસ્વામીએ જિલ્લા કલેક્ટરશ્રીને અવગત કર્યા હતા. અને વાંચનાલય માટે જે હયાત સુવિધા છે તેના કરતા વધુ સુવિધા ઉપલબ્ધ કરાવવા અંગે સહયોગ આપવા અપીલ કરી અને ગ્રંથાલય ખાતાની પ્રવૃત્તિ અંગે માહિતગાર કર્યા હતા.

આ પ્રસંગે જિલ્લા કલેક્ટરશ્રી એ જણાવ્યું હતું કે, ઉત્તમ સાહિત્ય યુવા પેઢીને, માનવીને જાગૃત કરવા દિશા દર્શન કરવા માટે એક જડીબુટ્ટી સમાન છે. સારા પુસ્તકો માનવીને જ્ઞાનની સાથે જીવન ઘડતરમાં ઉપકારક સાબિત થઈ એક મિત્રની ગરજ સારે છે. જિલ્લાના- નગરના વાચકો ગ્રંથાલયની વધુમાં વધુ મુલાકાત લે




અને લાઈબ્રેરીનો સદ્ ઉપયોગ કરી યુવાનો કારકિર્દી ઘડે તેવી આશા વ્યક્ત કરી. પુસ્તકાલયમાં પ્રદર્શિત પુસ્તકો અને પ્રવૃતિઓ અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો. અને નોંધપોથીમાં અભિપ્રાય લખ્યો હતો. અને નિયમકશ્રી દ્વારા જિલ્લા કલેક્ટરશ્રીને શાલ ઓઢાડી, મોમેન્ટો, પુસ્તકો આપીને સન્માનિત કર્યા હતા.

આ પ્રસંગે વાયોવૃદ્ધ વાંચકનું જિલ્લા કલેક્ટરશ્રી એ શાલ અને બુકે આપી નિયમિત વાંચક તરીકે સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ ગ્રંથાલય નિયામક દ્વારા આ પુસ્તકાલયનો લાભ લઈ ઉચ્ચ હોદ્દા પરથી નિવૃત થઈને પણ લાઈબ્રેરી સાથેના લગાવ ધરાવતા વડીલોનું સન્માન કરવામાં આવ્યું હતું. આ લાઈબ્રેરીમાં હિન્દી, ગુજરાતી, અંગેજી ભાષા અને અન્ય ભાષાના ૫૧૯૫૦ થી વધુ પુસ્તકો ઉપલબ્ધ છે. આ પ્રસંગે નિવૃત ડે. કલેક્ટરશ્રી રમણલાલ ભટ્ટ કોર્પોરેટર, નગરપાલિકા શ્રી શશીકાંત સોલંકી, હિંમત હાઈસ્કુલના આચાર્ય શ્રી સુરેશભાઈ પટેલ, હિંમતનગર સરકારી પુસ્તકાલયના ગ્રંથપાલ શ્રી એન. એસ. રાઠોડ, મદદનીશ ગ્રંથપાલશ્રી, નિવૃત ગ્રંથપાલ શ્રી ડી. એસ. સોલંકી, જે. જે ગોસ્વામી, શ્રી એન. એમ. ચૌહાણ, શ્રી વી. એન પડવાલા, સરકારી પુસ્તકાલયનો સ્ટાફ તથા વાચકો, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા

## જન્મદિને વધામણી


મંગુબેન રમણભાઇ પટેલ
નિવૃત્ત શિક્ષિકા,
બાયડ જિ,અરવલ્લી


દિલીપભાઇ આર રાવલ
પૂર્વ શિક્ષક, આકરુન્દ high school
વડાગામ, ધનસુરા


નીતિન પટેલ
પ્રાથમિક શિક્ષક
સખવાણીયા તા-માલપુર


નિલેશ અમરેલીયા
મેડિકલ રીપ્રેઝન્ટેટિવ
હિંમતનગર જિલ્લો
સાબરકાંઠા


અજય પટેલ
સૌરાષ્ટ્ર ગોઠિયા હાઉસ
બાયડ જીલ્લો અરવલ્લી


બકુલ અમરેલીયા
હિંમતનગર


અમિત રમણભાઈ પટેલ
કોટ્યર્ક સોસાયટી
બાયડ જીલ્લો અરવલ્લી


ડો, પ્રશાંત બી. ભાટિયા
મધુરમ ફ્લેટ
બાયડ જિ.અરવલ્લી


માનવેન્દ્રસિંહ ચંદ્રભાણ સિંહ સોલંકી
પૂર્વ સદસ્ય ,જિલ્લા પંચાયત અરવલ્લી સાઠંબા
તા, બાયડ જીલ્લો
અરવલ્લી


અદિતિ ડો.નરેનકુમાર
ડો. મહેન્દ્રભાઈ પટેલ
ઋષીકુંજ સોસાયટી
બાયડ (નરોડા,
અમદાવાદ)

# અરવલ્લીના પ્રા.શિક્ષકોને કેમ્પ દ્વારા ઉચ્ચતર પગારનો લાભ અપાયો

બાયડ તા.૧૨

બઢતી, બદલી અને નિવૃત્તિ એ સરકારી નોકરીના આયામ છે અને નિશ્ચિત પડાવ છે. નિવૃત્તિના આરે આવેલ અધિકારી કે કર્મચારી મહદઅંશે ભૂતકાલીન કાર્યોને વાગોળવામાં અને સમય ગણવામાં સમય પસાર કરતા હોય છે. આ પ્રકારના ચિત્ર થી તદ્દન વિપરીત અને પ્રેરક ઉદાહરણ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અરવલ્લી સ્મિતાબેન પટેલ દ્વારા પૂરી પાડવામાં આવેલ છે. અરવલ્લી જિલ્લામાં dpeo તરીકે નિમણૂક પામ્યા બાદ, કેમ્પનું આયોજન કરીને ઉચ્ચતર પગાર ધોરણ ના કેસ મોટી સંખ્યામાં કરીને શિક્ષકોને ઝડપથી તેમના લાભ આપવા પ્રયત્ન કરેલ છે. આ અધિકારી શ્રી ત્રીસ દિવસ બાદ નિવૃત્ત થવાના હોવા છતાંય



કેમ્પના આયોજન દ્વારા મેઘરજમાં ૧૩૭, ભિલોડામાં ૧૪૦, મોડાસામાં ૧૫૯, માલપુરમાં ૩૯ ઉચ્ચતર ના કેસનું પારદર્શક અને પ્રામાણિક રીતે પૂર્ણ કરી ને પ્રેરક ઉદાહરણ પૂરું પાડ્યું છે. આગામી બે દિવસમાં ધનસુરા અને બાયડ ના પણ અંદાજે ૨૦૦ જેટલા કેસ આ રીતે તૈયાર કરવામાં આવશે. એટલે કે કુલ ૭૦૫ જેટલા કેસ આ રીતે પૂર્ણ કરવામાં આવેલ છે. આ સમગ્ર કામગીરીને જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન રમેશભાઈ પટેલ દ્વારા પણ હકારાત્મક સહકાર પ્રાપ્ત થયેલ છે અને તેઓએ પણ જિલ્લા પ્રા. શિક્ષણાધિકારી શ્રી ના અભિગમની પ્રશંસા કરેલ છે. સ્મિતાબેન પટેલ દ્વારા નિવૃત્ત શિક્ષક ના પેન્શન કેસ માટે પણ આ રીતે હેલ્પ લાઈન ડેસ્ક શરૂ કરવામાં આવેલ. નિવૃત્તિ બિલકુલ નજીક હોવા છતાં આ રીતે પ્રામાણિક કર્મમાં પ્રવૃત્ત રહીને સ્મિતાબેન પટેલ દ્વારા યુવા અધિકારીઓ માટે પ્રેરક ઉદાહરણ પૂરી પાડ્યું છે.




હિંમતનગર કેળવણી મંડળ સંચાલિત લો કોલેજ,હિંમતનગર તથા યુવા હિંમતનગર ના સંયુક્ત ઉપક્રમે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત 'રાષ્ટ્રીય યુવા દિન તથા સ્વામી વિવેકાનંદ જન્મ જયંતિ' નિમિત્તે કોલેજમાં સ્વામી વિવેકાનંદ નું પૂજન તેમજ તેમના જીવન ચરિત્ર ઉપર વકૃત્વ સ્પર્ધાનું આયોજન કરેલ. જેમાં કોલેજના ૧૫ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓને યુવા દિન નિમિત્તે કા. આચાર્ય ડૉ.બિનલ પટેલ દ્વારા માર્ગદર્શન આપવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ જયપ્રકાશ જાની તથા ડો.પારસ જોશી દ્વારા કરવામાં આવેલ. આભારવિધિ જાનકીબેન રાવલ દ્વારા કરવામાં આવેલ. સમગ્ર સ્ટાફ મિત્રો તથા વિદ્યાર્થીઓના ના સહયોગથી કાર્યક્રમ સફળ રહ્યો હતો.

# ડીસામાં ભાજપ દ્વારા સ્વામી વિવેકાનંદની જન્મ જયંતીની ઉજવણી




ડીસા, તા. ૧૨

૧૨ જાન્યુઆરી એટલે દેશના યુવાનો માટે પ્રેરણારુપ અને દેશને ઉમદા વિચારો આપી જનારા સ્વામી વિવેકાનંદની ૧૫૯ મી જન્મજયંતિ, તેથી ૧૨ જાન્યુઆરીને રાષ્ટ્રીય યુવા દિવસ તરીકે દર વર્ષે મનાવવામાં આવે છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૫ મા યુથ ફેસ્ટિવલ વિડીયો કોન્ફરન્સિંગમાં ખાસ ટ્વિટ કરીને દેશના યુવાનોને સ્વામી વિવેકાનંદના સપનાને સાકાર કરવાનું આહ્વાન કર્યું હતું.જે અંતર્ગત આજે ડીસા શહેરમાં બગીચા સર્કલ પાસે આવેલા સ્વામી વિવેકાનંદની પ્રતિમાને ભારતીય જનતા પાર્ટીના શહેર, તાલુકા તેમજ વિવિધ મોરચાના હોદેદારો, કાર્યકરો અને સમર્થકો સાથે યુવાઓના પ્રેરણા સ્ત્રોત એવા સ્વામી વિવેકાનંદની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી ફુલહાર અર્પણ કરવામાં આવ્યા હતા. જેમાં જિલ્લા ભાજપ ઉપપ્રમુખ કૈલાશ ભાઈ ગેલોત, શહેર મહામંત્રી હકમાજી જોષી, મંત્રી રાકેશભાઈ પટેલ, અમરતભાઈ અવસ્થી, નગર પાલિકાના સદસ્યોમા રાજુભાઈ ઠાકોર, મહિલા સદસ્યમાં નયનાબેન સોલંકી, રંજનબેન ખત્રી તેમજ ભારતીય જનતા પાર્ટી બનાસકાંઠા જિલ્લા માલધારી સેલમાં સહસંયોજક તરીકે નિમાયેલા જયેશભાઈ દેસાઈ સહિત વિવિધ મોરચાના હોદેદારો કાર્યકરો સાથે સમર્થકો અને નામી અનામી હોદેદારો ઉપસ્થિત રહ્યા હોવાનું મિડિયા સેલ કન્વીનર કાન્તિલાલ લોધાએ જણાવ્યું હતું.

# આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ધનસુરામાં કોવિડ રસીકરણનું આયોજન થયું

ધનસુરા, તા. ૧૨

આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ધનસુરા ખાતે સરકારશ્રી દ્વારા જાહેર કરવામાં આવેલ નવી નીતિ પ્રમાણે ૧૫ થી ૧૮ વર્ષ ની વયના વિદ્યાર્થીઓ માટે રસીકરણ નું આયોજન કરવામાં આવ્યું હતું આ આયોજન જિલ્લા આરોગ્ય અધિકારી ધનસુરા તાલુકા આરોગ્ય અધિકારી અને આરોગ્ય કેન્દ્ર ભેંસાવાડાના મેડિકલ ઓફિસર ડો.મૌલિકભાઈ પ્રજાપતિ તથા તેમના



આરોગ્યકર્મીઓના સહયોગથી કરવામાં આવ્યું હતું.જેમાં ૪૦ વિદ્યાર્થીઓ એ તેનો લાભ લીધો હતો.સમગ્ર કાર્યક્રમનું આયોજન આઝાદી કા અમૃત મહોત્સવ,યુવા સંકલ્પ તથા રાષ્ટ્રીય સેવા યોજના ના ધનસુરા કોલેજના એકમ અંતર્ગત કરવામાં આવ્યું હતું. જેમાં મંડળના હોદ્દેદાર શ્રી ગોપાલ ભાઈ ઠેકડી તથા અતુલભાઈ બ્રહ્મભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રિ.પ્રફુલ્લાબેન બ્રહ્મભટ્ટ ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

# ભિલોડામાં હાથમતી નદી કિનારે શ્રી વૈજનાથ મહાદેવના મંદિર પાસે રૂા. ૯૪ લાખના ખર્ચે વિકાસ પથનું ખાતમુહૂર્ત કરાયું

ભિલોડા, તા.૧૨

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે હાથમતી નદી કિનારે શ્રી વૈજનાથ મહાદેવ મંદિર પાસે વિકાસ પથનું ખાતમુહૂર્ત કરાયું હતું.ભિલોડા ગ્રામ પંચાયત કચેરીના સરપંચ અંબિકાબેન ગોરધનભાઈ ગામેતી, ડે. સરપંચ ભીખાભાઈ પટેલ અને તેઓની




સમગ્ર ટીમ દ્વારા રૂા. ૯૪ લાખના ખર્ચે વિકાસ પથનું ખાતમુહૂર્ત કરાયું છે. અરવલ્લી જીલ્લા પંચાયત પ્રમુખ લાલસિંહ ચૌહાણ, આદિજાતી નિગમના ડિરેકટર પી.સી. બરંડા, પુર્વ સંગઠન મંત્રી, પ્રભુદાસભાઈ પટેલ, ભિલોડા તાલુકા ભાજપ સંગઠન પ્રમુખ કાંતિલાલ પટેલ,અરવલ્લી જીલ્લા પંચાયત સદસ્ય નીલાબેન મડીયા, રસીકાબેન ખરાડી, ભિલોડા તાલુકા પંચાયત પ્રમુખ તરલીકાબેન બંકિમચંદ્ર તબીયાર, ભિલોડા તાલુકા પંચાયત સદસ્યો ધનજીભાઈ નિનામા, લક્ષ્મીબેન ગામેતી, નવિન ચુંટાયેલા સરપંચ મુકેશભાઈ ત્રિવેદી,પુર્વ સરપંચ ભીખાભાઈ ભાટીયા,મનોજભાઈ પટેલ, સામાજીક કાર્યકર રામઅવતાર શર્મા, કીર્તિભાઈ બારોટ, મુકેશભાઈ મહેતા, રામસિંધભાઈ ઓડ, બલભદ્રસિંહ ચંપાવત, અમિતભાઈ ત્રિવેદી, ગીરીશભાઈ ઉપાધ્યાય, ભરતભાઈ ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા. ભિલોડા ગ્રામ પંચાયત કચેરી તલાટી કમ મંત્રી કૃપાબેન પટેલ અને વહીવટી તંત્રના સ્ટાફ પરીવારની ઉપસ્થિતિમાં વિકાસ પથનું ખાતમુહૂર્ત કરાતા પ્રજાજનોમાં આનંદની લાગણી પ્રસરી હતી.

# પ્રાંતિજ સ્ટુડીયો ફોટો-વિડીયો ગ્રાફર એસોસિએશન દ્વારા કોરોનામાં મૃત્યુ પામેલા ફોટોગ્રાફરોના પરિવારને સહાય



પ્રાંતિજ તા.૧૨

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ તાલુકાના સ્ટુડિયો, ફોટો-વિડીયો ગ્રાફર એસોસિએશન દ્વારા કોરોના મા મૃત્યુ પામેલ એસોસિએશન ના બન્ને સભ્યોના પરિવારો ને ૫૧૦૦૦ની સહાય પુરી પાડવામા આવી.

પ્રાંતિજ તાલુકા સ્ટુડિયો, ફોટો-ગ્રાફર એસોસિએશન દ્વારા કોરોના ની બીજી લહેર મા એસોસિએશન ના બે સભ્યો ના કોરોનાથી મૃત્યુ પામતા સંજયભાઈ બી. રાવળ તથા મહેન્દ્રસિંહ એફ. ઝાલા નુ દુ:ખદ અવસાન થતા બન્ને ફોટો ગ્રાફર મિત્રો ના પરિવારોને સહાય રૂપે એસોસિએશનના સભ્યો દ્વારા બન્નેના પરિવારોને ૫૧૦૦૦ હજાર ની સહાય પુરી પાડવામા આવી હતી.

# પ્રાંતિજના રામપુર ચોકડી પાસેથી ચાઈનીઝ દોરી સાથે એક ઈસમ ઝડપાયો

પ્રાંતિજ તા.૧૨

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ તાલુકા ના રામપુર ચોકડી ઉપર થી ચાઈનીઝ દોરી ના ૧૦ રોલ સાથે રામપુર ના ઈસમ ને પ્રાંતિજ પોલીસે ઝડપી પાડયો હતો.

ઉતરાયણ ના આડે ગણતરી ના દિવસો બાકી છે ત્યારે પતંગ અને દોરી નુ પ્રાંતિજ બજાર મા વેચાણ ચાલુ છે ત્યારે જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા ચાઈનીઝ દોરી ઉપર પ્રતિબંધ લગાડવામા આવ્યો છે અને વેચાણ કે ખરીદી કરવી નહી ત્યારે પ્રાંતિજ તાલુકા ના રામપુર ચોકડી ઉપર મંડપ નુ કાપડ બાંધેલ વિજય પતંગ ભંડાર ની પગત ની દુકાન મા ચાઈનીઝ દોરીનુ વેચાણ થતુ હોવાનુ પ્રાંતિજ પોલીસ ને ખાનગી રાહે બાતમી મળતા પ્રાંતિજ પોલીસે સ્થળ ઉપર જઈ દુકાન મા તપાસ કરતા દુકાન મા એક પુઠાનુ બોક્ષ મળી આવેલ જે બોક્ષ માં જોતા ચાઈનીઝ દોરી ના રીલ નંગ-૧૦ મળી આવેલ જેની ઉપર અંગેજી માં " GERMAN TE CHNOLOGY " લખેલ હતુ તો દુકાન માલિક ને પ્રતિબંધિત ચાઈનીઝ દોરીના રીલ રાખવા બાબતે નુ પાસ પરમીટ તેમજ બીજા દસ્તાવેજ કે પુરાવા ના મળતા અને એક રીલ ની કિંમત-૨૦૦ રૂપિયા કુલ-૨૦૦૦ નો મુદામાલ સાથે પ્રાંતિજ પોલીસે દુકાન માલિક વિજય કુમાર પ્રહલાદ ભાઈ વાધેલા ઉ.વર્ષ-૨૮ રહે.રામપુર ચોકડી તા.પ્રાંતિજ જિ.સાબરકાંઠા વિરૂધ્ધ આઈપીસીકલમ ૧૮૮ મુજબ જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબ ગુનો નોધી કાયદેસર ની કાર્યવાહી હાથધરી હતી તો પ્રાંતિજ મા હજુએ કેટલીક જગ્યાએ ચાઈનીઝ દોરીનુ તથા ચાઈનીઝ તુગલોનુ વેચાણ થતુ હોવાની આશંકા સેવાઈ રહી છે.



**૧૨ મી જાન્યુઆરી 'યુવા દિન' ની ઉજવણી**

સ્વામી વિવેકાનંદ જન્મજયંતી નિમિત્તે પાલડી પ્રાથમિક શાળા (ગ્રામીણ વિસ્તાર) માં ધોરણ - ૫ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પુસ્તક 'યુવાનો ને' સ્વામી વિવેકાનંદ પુસ્તક નું વિતરણ કરવામાં આવ્યું. તથા સ્વામી વિવેકાનંદ ના જીવન ચરિત્ર નું વર્ણન કરી ને બાળકો ને સમજુતી આપવામાં આવી.

ટચુકડી
જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧